

# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી

**૧ જૂન, શુક્રવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સ્થાનિક ભક્તોને દર્શન-આશિષનો લાભ આપ્યો. ઑસ્ટ્રેલિયાની ધર્મયાત્રાએથી આવ્યા બાદ તાવ-શરદી હતાં એટલે સ્વાસ્થ્યલાભ માટે આરામ કર્યો.

**૨ જૂન, શનિવાર...** પારમિતા મંદિરમાં રાત્રિસભામાં અ.નિ. વ્રતધારી વડીલ સંત પૂ. રજનીભાઈના અક્ષરધામગમન નિમિત્તે યોજેલ પારાયણમાં પધારી શ્રદ્ધાંજલિનાં પ્રવચનોનું શ્રવણ કરી પ્રાર્થનાઓ કરી.

**૩ જૂન, રવિવાર...** બપોર પછી અમદાવાદમાં શાહીબાગ ખાતે અ.નિ. પૂ. રજનીભાઈના નિવાસસ્થાને યોજાયેલ પ્રાર્થનાસભામાં પધારી શ્રદ્ધાંજલિ પ્રવચનોનું શ્રવણ કરી ઉપસ્થિત સૌ પરિવારજનોને તથા સમગ્ર અમદાવાદ પ્રદેશના મુક્તોને આશીર્વાદ પાઠવ્યા તથા પ્રાર્થનાઓ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

**૪ જૂન, સોમવાર...** સાંજે આણંદમાં દિલીપભાઈ (ડી.આર.)-રેણુકાબહેનની લગ્નતિથિ નિમિત્તે તેઓના ઘરે પધારી ઘરમંદિરે આરતી અર્પણ કરી તથા તેઓને અને ઉપસ્થિત સૌ સ્થાનિક ભક્તોને આશિષ પાઠવી બ્રહ્મજ્યોતિ પધાર્યા.

**૫ જૂન, મંગળવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સ્થાનિક ભક્તોને દર્શન-આશિષનો લાભ આપ્યો, સાંજે સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૬ જૂન, બુધવાર...** સવારે મોરબીથી પધારેલ કાનજીભાઈ, ભાવેશભાઈને આશીર્વાદ પાઠવ્યા. વિશેષ ધંધાના વિકાસ માટે ચીન જઈ રહેલ ભાવેશભાઈ કાલાવાડિયાને આશીર્વાદ પાઠવ્યા. રાજકોટથી ખાસ દર્શનાર્થે પધારેલ શીતલબહેનને મુલાકાત આપી સૌના સુખદ જીવન માટે પ્રાર્થના કરી.

**૭ જૂન, ગુરુવાર...** સવારે આણંદ મંડળના મુક્તરાજ મહેન્દ્રભાઈ-ગીતાબહેનના ઘરે પધારી સૌ પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે કીર્તનસંધ્યામાં પધારી બૉર્ડની પરીક્ષામાં જિલ્લાકક્ષાએ અને રાજ્યકક્ષાએ પ્રથમ આવેલ યોગી વિદ્યાપીઠના જ્ઞાનયજ્ઞ વિદ્યાલય અને શારદા મંદિરના વિદ્યાર્થીઓનાં વિશિષ્ટ સન્માન કરી આશીર્વાદ પાઠવ્યા.

**૮ જૂન, શુક્રવાર...** સાંજે મોગરીમાં દાસકાકા-રમાબા ઘરે પધરામણી કરી, સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપી આશીર્વાદ પાઠવ્યા.

**૯ જૂન, શનિવાર...** સવારે અ.નિ. વ્રતધારી વડીલ સંત પૂ. રજનીભાઈની ત્રયોદશીની મહાપૂજામાં પારમિતા મંદિરે પધારી પ્રાર્થના કરી, આ પ્રસંગે ખૂબ મોટી સંખ્યામાં પધારેલ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા અને પૂ. રજનીભાઈના જીવન-માહાત્મ્યની વાતો કરી. સાંજે વલ્લભવિદ્યાનગરમાં રાજુભાઈ-પૂર્વાબહેનના ઘરે પધરામણી કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. કાકાજી શતાબ્દીપર્વમાં ભાગ લેવા પૂ. અશ્વિનભાઈ સાથે મુંબઈ પધારતા વ્રતધારી સંતોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૦ જૂન, રવિવાર...** સવારે કરમસદમાં મિલનકુમાર-અમિતાબહેનના ઘરે પધરામણી કરી સૌ પરિવારજનોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૧ જૂન, સોમવાર...** સવારે નૅચરક્યૉર સૅન્ટરમાં સ્વાસ્થ્ય-સારવાર લેવા પધાર્યા. સોખડાથી પધારેલ પૂ. દાસસ્વામી સાથે ગોષ્ઠિ કરી. અમદાવાદથી પધારેલ હિરેનભાઈ-સંગીતાબહેનને મુલાકાત આપી.

**૧૨ જૂન, મંગળવાર...** બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજીમહારાજના શતાબ્દીપર્વે પારમિતા મંદિરે સવારે આરતી કર્યા બાદ તેઓના સમાધિસ્થાને કીર્તન ગાયાં અને પુષ્પાંજલિ સાથે ભક્તિ અર્પણ કરી. યુ.એસ.એ.થી પધારેલ ડૉ. જિતુભાઈ-ડૉ. રીટાબહેનને લઈ ડી.ડી.આઈ.ટી. યુનિવર્સિટી, નડિયાદના કુલપતિશ્રી ડૉ. હર્ષદભાઈ દેસાઈના ઘરે પધાર્યા તેમજ યુનિવર્સિટી દ્વારા નિર્માણ પામી રહેલ નૂતન મૅડિકલ કૉલેજના ભવનમાં જઈ ધૂન-પ્રાર્થના કરી. શારદા મંદિરની ડાકોર રોડ શાખા તેમજ દ્વારકેશ શાખામાં પધરામણી કરી સૌ શિક્ષકો, કાર્યકર્તાઓને નવા સત્રના પ્રારંભે આશીર્વાદ પાઠવ્યા. રાત્રે મંદિરમાં બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજીમહારાજના શતાબ્દી પ્રાગટ્યપર્વની સભામાં સંતો, ભક્તો દ્વારા ગુણગાન ગવાયા બાદ સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૧૩ જૂન, બુધવાર...** સવારે યુ.કે.થી પધારેલ પૂ. સતીશભાઈ ચતવાણીને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો. ડૉ. બિપિનભાઈ-કુંદનબહેનના ઘરે પધરામણી કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે પારમિતા મંદિરે મોરબીથી પદયાત્રા કરીને પધારેલ વંદનબહેન ચિકાણી અને દીકરા ચિ. વૈભવને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. રાત્રિસભામાં પૂ. સતીશભાઈ ચતવાણીએ ઉપાસનાની સુંદર વાતો કરી તેનું શ્રવણ કર્યું તથા સભામાં પધારેલ સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૧૪ જૂન, ગુરુવાર...** સવારે પૂ. સતીશભાઈ ચતવાણીને લઈને 'પ્રજ્ઞાનતીર્થ-સર્વાંગી શિક્ષણ સંસ્થાન'ની મુલાકાત લીધી. નવા સત્રના પ્રારંભે 'યોગીહૃદય' હૉસ્ટેલમાં તેમજ શાળામાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને આશીર્વાદ પાઠવ્યા. બપોરે વડતાલ રોડ પર શાંતિમામાના ઘરે પધરામણી કરી સૌ પરિવારજનોને ગોષ્ઠિનો લાભ આપ્યો. બપોર પછીથી સંતો-ભક્તો સાથે ધારી તીર્થયાત્રાએ રવાના થયા. રાત્રે પહોંચ્યા.

**૧૫ જૂન, શુક્રવાર...** સવારે ધારીમાં યોગીબાપાનાં મહાપ્રાસાદિક સ્થાનો યોગીઘાટ, સ્કૂલ, જૂના સ્વામિનારાયણ મંદિર અને યોગીબાપાના પ્રાગટ્યસ્થાન મંદિરે પધારી દર્શન-પ્રાર્થના કર્યાં. નીલકંઠવર્ણીની મૂર્તિના અભિષેક કરી, ધૂન-પ્રાર્થના કરી. યોગીજીમહારાજ મહાવિદ્યાલયના હૉલમાં નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે યોગીજીમહારાજ મહાવિદ્યાલય, વી.પી.જી.ગર્લ્સ હાઈસ્કૂલના હાયર સૅકન્ડરી, સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહમાં ભણતાં દીકરા-દીકરીઓને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે હૉસ્ટેલના હૉલમાં યોજેલ કીર્તન આરાધનામાં ખ્યાતનામ કલાકાર અમિતભાઈ ઠક્કર તથા દીપ્તિબહેન દેસાઈ દ્વારા પ્રસ્તુત ભજનોનું શ્રવણ કરી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તેમજ ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૧૬ જૂન, શનિવાર...** સવારે વિસાવદરમાં ધારાસભ્ય શ્રી હર્ષદભાઈની ઑફિસમાં પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. જૂનાગઢ મંદિરે દર્શન-પ્રાર્થના કરી જૂનાગઢના ધારાસભ્ય શ્રી ભીખુભાઈ જોશી તથા શ્રી જ્યોતિબહેન વાછાણી (પ્રમુખ-ગુજરાત મહિલા સુરક્ષા આયોગ)ની ઑફિસમાં પધરામણી કરી. બપોરે માણાવદર મંદિરે પધાર્યા, સૌના સ્વાગતભાવ ઝીલીને મંદિરમાં દર્શનાર્થે પધાર્યા. સાંજે નૂતન અતિથિગૃહના લોકાર્પણ પ્રસંગે પધારી સભામાં સૌને આશીર્વાદ પાઠવ્યા. યોગીબાપાએ પ્રતિષ્ઠા કરી અક્ષરદેરી જેવું તેજ મૂક્યું હતું તે શ્રી ઠાકોરજીને આરતી અર્પણ કરી.

**૧૭ જૂન, રવિવાર...** સવારે તિથિ મુજબ બ્ર.સ્વ. પ.પૂ. કાકાજી શતાબ્દી પર્વ અને માણાવદર મંદિરના ૫૪મા પાટોત્સવપર્વે મૂર્તિઓનાં પૂજન-આરતી કરી પટેલ વાડીમાં યોજેલ ઉત્સવસભામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. સાંજે ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૮ જૂન, સોમવાર...** સવારે મંદિરે સભામાં પધારી સૌ અક્ષરમુક્તો-સંતોની સેવા-ભક્તિને બિરદાવી સૌ ઉપર પ્રસન્નતાની આશિષવર્ષા કરી. માણાવદરથી સૌની ભાવભરી વિદાય લઈ ફરેણી પધાર્યા, જ્યાં જેતપુરનિવાસી પ્રવીણભાઈ ચૌહાણ-પ્રતિભાબહેન ખાસ સૌ ભક્તો માટે લીલાં નારિયેળ લઈને પધાર્યાં, તેઓને આશીર્વાદ પાઠવ્યા. અનુપમસ્વજન પંકજભાઈ-રેણુકાબહેન, દીપ્તિબહેન દેસાઈ, અમિત ઠક્કર આદિ સૌ મુક્તોને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી. ગોંડલ મંદિરે દર્શન-પ્રાર્થના કર્યાં. અક્ષરદેરીમાં સૌ માટે ધૂન-પ્રદક્ષિણા કરી, યોગીબાપાના સ્મૃતિમંદિરે ધૂન-પ્રાર્થના કરી ધન્યતા અનુભવી. રાજકોટમાં અશોકભાઈ રતનપરાને અકસ્માત થયો હોવાથી તેઓના સ્વાસ્થ્યલાભ માટે તેઓના ઘરે પધારી ધૂન-પ્રાર્થના કરી. અનિલભાઈ મોરી-માલતીબહેનના ઘરે પધરામણી કરી, સત્સંગનો લાભ આપી રાત્રે બ્રહ્મજ્યોતિ-મોગરી પધાર્યા. સૌના સત્કાર બાદ પારમિતા મંદિરે રાત્રિસભામાં આશીર્વાદ પાઠવ્યા.

**૧૯ જૂન, મંગળવાર...** સવારે પારમિતા મંદિરે મોરબી નિવાસી કેશુભાઈ કાચરોલાનાં માતુશ્રી અ.નિ. રેવીબહેનની ત્રયોદશી નિમિત્તે યોજેલ મહાપૂજામાં પધારી કેશુભાઈ તથા મોરબીના ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે પારમિતા મંદિરે પૂ. અશ્વિનભાઈ તેમજ પૂ. હર્ષદભાઈ વિદેશની ધર્મયાત્રાએ પધારતા હોવાથી યોજેલ વિદાય-મિલન સભામાં સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૦ જૂન, બુધવાર...** અનુપમ મિશન યુ.એસ.એ.ના ઉપપ્રમુખ ડૉ. જિતુભાઈ પટેલ-રીટાબહેન તથા વ્રતધારી સંત પૂ. અર્પિતભાઈ, પૂ. નિખિલભાઈને પ્રાગટ્યદિન નિમિત્તે સાથે લઈને વડતાલ મંદિરે દર્શનાર્થે પધાર્યા, મંદિરે ધૂન-પ્રાર્થના કરી, સ્થાનિક વડીલ સંતો સાથે સત્સંગ-ગોષ્ઠિનો આનંદ માણ્યો. સાંજે વ્રતધારી સંતોની બુધવારની અઠવાડિક સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. રાત્રે પારમિતા મંદિરે સભામાં આશીર્વાદ પાઠવ્યા.

**૨૧ જૂન, ગુરુવાર...** સવારે સ્વાસ્થ્યલાભ માટે E.N.T. સર્જન ડૉ. મેહુલભાઈ અને ડેન્ટિસ્ટ ડૉ. અરુણભાઈ-સચિબહેન બત્રાના

ક્લિનિકમાં પધારી સારવાર લીધી, સેવા આપી રાજી કર્યા. સાંજે યુ.એસ.એ. પરત પધારતાં ડૉ. જિતુભાઈ-રીટાબહેનને વિદાયવેળાએ શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં. રાત્રે અનુપમ મિશનના શૈક્ષણિક સંકુલ 'પ્રજ્ઞાનતીર્થ' સ્થિત 'યોગી હૃદય હૉસ્ટેલ'ના પ્રથમ વાર્ષિકદિને તેમજ શૈક્ષણિક સત્રના પ્રારંભે હૉસ્ટેલના હૉલમાં યોજેલ ગુરુસભામાં સૌ દીકરાઓને આશીર્વાદ પાઠવ્યા.

**૨૨ જૂન, શુક્રવાર...** નૅચરક્યૉર હૉસ્પિટલમાં પધારી સ્વાસ્થ્ય-સારવાર લીધી. દહેગામથી પધારેલ ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૩ જૂન, શનિવાર...** સાંજે બ્રહ્મસ્વરૂપ યોગીજીમહારાજની સ્મૃતિમાં યોજેલ કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો. વધુ અભ્યાસ અર્થે પૉર્ટુગલ પધારતા નવપરિણિત યુગલ જિમી-મનીષાને વિદાયવેળાએ આશીર્વાદ પાઠવ્યા. તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સૌ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપી રાત્રે પુનઃ નૅચરક્યૉર સૅન્ટરમાં પધાર્યા.

**૨૪ જૂન, રવિવાર – ૨૭ જૂન, બુધવાર...** નૅચરક્યૉર સૅન્ટરમાં રહી સ્વાસ્થ્યલાભ માટે આરામ કર્યો.

**૨૮ જૂન, ગુરુવાર...** સવારે નૅચરક્યૉર સૅન્ટરમાં સારવાર લીધી. સાંજે વેમારથી પધારેલ ચંદ્રકાંતભાઈ-શીલાબહેન તથા વેમાર મંડળના મુક્તોને સત્કાર્યા. યુ.એસ.એ. પધારતાં ચંદ્રકાંતભાઈ-શીલાબહેનને પારમિતા મંદિરે સભામાં વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં. રાત્રે મુંબઈથી પધારેલ જગતભાઈ-ચારુબહેનને સત્કાર્યાં.

**૨૯ જૂન, શુક્રવાર...** મુંબઈ પરત પધારતાં જગતભાઈ-ચારુબહેનને ગોષ્ઠિનો લાભ આપ્યો. યુ.એસ.એ.થી પધારેલ સુભાષભાઈ તથા સાબરકાંઠાના ભક્તોને સત્કાર્યા. રાત્રે સ્થાનિક ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૩૦ જૂન, શનિવાર...** વહેલી સવારે પારમિતા મંદિરે પધારી ધૂન-પ્રાર્થના કર્યા. સંતનિવાસ-પરિમલમાં સૌ સંત ભાઈઓને સત્સંગ-ગોષ્ઠિનો અદ્‌ભુત લાભ આપ્યો. વધુ અભ્યાસ માટે કૅલિફોર્નિયા-યુ.એસ.એ. જતા વડોદરાનિવાસી ઊર્મિલભાઈ-મિલનબહેનના દીકરા ચિ. યશને આશીર્વાદ પાઠવ્યા. સાંજે વડોદરાથી પધારેલ મહેમાનોને મુલાકાત આપી. ◆

સ્વામિશ્રીજી

### સંતભગવંત સાહેબજીએ આપેલ

## ચાતુર્માસના વિશેષ નિયમો...

'શિક્ષાપત્રી'માં શ્રી સ્વામિનારાયણ ભગવાને આપેલ આજ્ઞા મુજબ અષાઢ સુદી એકાદશી, ૨૩ જુલાઈ ૨૦૧૮થી શરૂ થઈ રહેલ ચાતુર્માસમાં આ સાથે લખેલ નિયમોમાંથી આપણી શ્રદ્ધા-શક્તિ મુજબના નિયમો લઈ, પ્રભુબળે તે પાળી આપણા પ્રભુ અને પ્રગટ સંતોની પ્રસન્નતા પ્રાપ્ત કરીએ.

૧. રોજ અડધો કલાક 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો જપયજ્ઞ કરીએ... કે જપયજ્ઞ સાથે મહામંત્રનું એક પાન લેખન કરીએ.

૨. રોજ આપણા નિયમની માળા સાથે પાંચ, અગિયાર કે વધુ માળા ફેરવવાનો નિયમ લઈએ. અથવા તો આપણી પૂજામાં કે મંદિરે જતા હોઈએ ત્યાં 'સ્વામિનારાયણ' મંત્રના જાપ સાથે અધિક પ્રદક્ષિણા કરીએ.

૩. પ.પૂ. યોગીબાપા કહેતા, 'આ સમયમાં સગાં-સ્નેહી-મિત્રોમાંથી એકાદ-બે-પાંચને કથાવાર્તા-મહિમાનું ગાન કરીને સભામાં કે મંદિરમાં નિયમિત આવતા કરવા.' આપણે તે આજ્ઞા પાળવી.

૪. રોજ 'વચનામૃત', 'સ્વામીની વાતો' સાથે સ્વામિનારાયણ ભગવાન, ગુણાતીતાનંદસ્વામી અને સૌ ગુણાતીત સંતોનાં જીવનચરિત્રોમાંથી એકાદ ગ્રંથનાં એક કે બે પાન સમય અનુસાર વાંચવાં.

૫. શ્રાવણ માસ કે આખો ચાતુર્માસ એકટાણાં કરવાં, વધુ બળિયા હોઈએ તો એક માસ કે પંદર દિવસનાં ધારણાં-પારણાં કરવાં.

૬. સત્સંગ સંવર્ધન કેન્દ્ર દ્વારા આવતા પરિપત્ર મુજબ સભાઓ-સમૈયા-ઉત્સવો ભેળાં મળી ઊજવવાં.

૭. સંતો દ્વારા કે કેન્દ્ર દ્વારા મોકલાતી સત્સંગ ઑડિયો ક્લિપ નિયમિત સાંભળવી.

૮. રોજ ઘરમંદિરમાં કે મંદિર નજીક રહેતા હોઈએ તો સવારે કે સાંજે આરતી કરવી.

૯. નિયમિત ઘરસભા કે મંદિરસભામાં જવું.

આ ઉપરાંત આપણને પ્રભુ પ્રેરણા કરે તે નિયમ કે આપણા ગુરુ આ ઉપરાંત કોઈ વિશેષ નિયમ આપે તો તે લઈ કાર્તિક સુદી એકાદશી-૧૯ નવેમ્બર સુધી તે પાળી પ્રભુભક્તિ-ગુરુભક્તિ અદા કરીએ. તે કરવાનું પ્રભુ આપણને સૌને ખૂબ જ બળ આપે-કૃપા કરે તે પ્રાર્થનાઓ છે !